EDII

Navgujarat Samay

September 23, 2023
Pg.4



# 3000 દિવ્યાંગોને ઉદ્યોગ સાહસિક બનાવવા કોર્પોરેટ્સ મદદ કરશે




## » EDII અને સામાજિક ન્યાય મંત્રાલય કોર્પોરેટ્સ સાથે ભાગીદારી કરશે

**નવગુજરાત સમય > ગાંધીનગર**

દિવ્યાંગ નાગરિકોને પગભર બનાવવા માટે કોર્પોરેટ જગતે મદદનો હાથ લંબાવ્યો છે. અગ્રણી કોર્પોરેટ્સ દ્વારા 3000 દિવ્યાંગોને ઉદ્યોગ સાહસિક બનાવવા માટે સહાય આપવાનું આયોજન કર્યું છે. ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ (DE-PwD)ના સહયોગથી આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)એ 'સીએસઆર કામગીરી હેઠળ દિવ્યાંગો માટે ખાતરીપૂર્વકની આજીવિકાને સમર્થન, સક્રિયકરણ અને નિર્માણ (સબલ)' માટે કોર્પોરેટ્સ માટે રાઉન્ડ ટેબલ મીટનું આયોજન કર્યું હતું.

DEPwDના IAS સેક્રેટરી રાજેશ અગ્રવાલ, EDIIના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લા, EDII ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોજેક્ટ્સ (કોર્પોરેટ) ડો. રમણ ગુજરાલ તેમજ DEPwDના વરિષ્ઠ અધિકારીઓ તથા અગ્રણી કોર્પોરેટ સંસ્થાઓના સીએસઆર લીડર્સ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ 'મીટ'માં 1,500 ટેક્નોલોજી સંચાલિત તથા 1,500 સામાન્ય સાહસો સહિત 3,000 નવા દિવ્યાંગ સાહસોની સ્થાપના સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવા એજન્ડા હાથ ધરાયો હતો.